





અમેરિકા, ફ્રાંસ, કેનેડા - હીરાલાલ જઇ આવ્યા!
જર્મન ને જાપાનથી ડેલીએ હાથ દઇ આવ્યા!
ઉભી કરી આવ્યા ખાઇ સ્થાનિકોમાં સંબંધોની -
ફાયદો તો કંઇ થયો નહીં, ખાલી ઘોઘે જઇ આવ્યા!

છે મિજબાની - શિયાળ-બગલાની - ચીન પ્રવાસ... (ચીની અધિકારીનું નિવેદન)

કૂતરાં નહીં! ડાઘીયા ચેન સ્નેચરો ને જ પકડો! (જાગૃત નાગરિકો!)




## ચિંતન

**ગુરુ શુશ્રુષયાં વિદ્યા યા પુષ્પ ફલેન ધનેન વા ।**
**અથવા વિદ્યયા વિદ્યા ચતુર્થ નો પ લભ્યતે ॥**

‘ગુરુજીની સેવા-સુશ્રુષા કરી તેની પ્રસન્નતા પામીને જ વિદ્યા પ્રાપ્ત થાય છે. અથવા ગુરુની પુષ્પ-ફળ-ધન દ્વારા રીઝવી-ખૂશ કરી ને વિદ્યા પ્રાપ્ત થઇ શકે. અથવા પોતે જે વિદ્યા જાણતા હોય તેના બદલામાં વિદ્યા શીખી શકાય આના સિવાય વિદ્યા પ્રાપ્તિનો ચોથો કોઇ જ માર્ગ નથી.’

પ્રાચીન જમાનામાં ‘તપોવન’ અને ‘આશ્રમ નિવાસ’ હતો પ્રથમ બ્રહ્મચર્ય આશ્રમમાં શિષ્ય ગુરુને ત્યાં જ રહી ગુરુપિતા અને ગુરુપત્ની ‘માતા’ તરીકે રહી શિક્ષણ-સંસ્કાર અને બધા પ્રકારની કે કુળ જાતિ પ્રમાણે ધર્મ-શિક્ષણ-વિદ્યાઓ આપતા-આ પ્રક્રિયામાં ‘ગુરુ’ની સેવા-સુશ્રુષા થતી પણ સાચા હૃદયથી ગુરુભાવ અને પિતૃભાવ એમાં હતો.

આમ છતાં ‘ગુરુ’ની એવી કોઇ જ અપેક્ષા રહેતી નહીં. ‘ગુરુતત્ત્વ’ ની હૃદયની પ્રસન્નતાથી આ વિદ્યા-કળાનું સંક્રમણ સરળ બનતું, બંનેનો નિર્લેપ ભાવ જ વિદ્યા સંપન્નતા માટે જરુરી છે.

આજે ટ્યુશન ફી અને ટકાવારીની ખાતરી એ શિક્ષણ અને ગુરુશિષ્યોના સંબંધને કલંકની કાલિમા લગાડી છે.

## સુવિચાર

- ગરજ ઉતારે કરજમાં, ગરજ ગવડાવે ગીત, સાતે ભવના શત્રુની, ગરજ કરાવે પ્રીત - ડો. જગદિશ ત્રિવેદી
- ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઇશ્વરને અને સત્યને ઓળખીએ - મહાપ્રજ્ઞ
- બેઇમાની, ઢોંગ, દેખાડો અને દંભના ઉડતા વંટોળમાં તું સ્વયંને વટલાવ ના - એસ. ભટ્ટાચાર્ય
- ભયથી ભરેલા આ સમાજમાં એ જ માણસ નિર્ભય રહી શકે છે, જે સૌ કોઇ ઉપર દયાભાવ રાખે છે - કે. કા. શાસ્ત્રી
- માણસ પોતાની નિષ્ફળતાથી જેટલો ડરે છે તેટલો તે કાર્યસિદ્ધિથી દૂર રહે છે - હેનરી ફોર્ડ
- ભગવાને માનવીને પોતાના જેવો જ બનાવ્યો પણ દુર્ભાગ્યે માનવીએ ભગવાનને પોતાના જેવો જ બનાવી દીધો - ફાધર વાલેસ
- નદીમાં દિવો તરતો મૂક્યો હોય એટલી સહજતાથી વર્તમાન જીવાતો નથી, ભવિષ્યની ચિંતા ઘણીવાર આ દિવાને પેટાવવા દેતી જ નથી - પૂજ્ય મોટા

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

જૂના જમાનામાં ધનિકો પાણીની પરબ, કૂવા-વાવ, તળાવ, રસ્તા, ધર્મશાળા બનાવતો અને ક્યાંક તકતી કે ઉદ્દઘાટન પણ નહીં હવે તો સરકારી પૈસાની ખાયકી કરી રસ્તા બનાવે અને તેના પર ‘ટેક્ષ’ ઉઘરાવે! પાણી વેચાંતા મળે - બગીચામાં દાખલ થવાની ‘ફી’ બોલો..

બહુ જૂના જમાનામાં ઝૈનુદ્દીન મોટા વેપારી હતો. ઉદાર અને દાનવીર હતો. એની પાસે કેટલાંય ઝૈનુદ્દીન બધાને નાણાં આપતો લખાણ કરતો નહીં છતાં ધનવાન લોકો સામેથી ચાલી-ચલાવીને લખાણ કરી જાતે જ આપી જતા.

.. વર્ષો પછી ઝૈનુદ્દીનની પરિસ્થિતિમાં પલ્ટો આવ્યો. ગરીબી આવી. માંડ માંડ ગુજરાન ચાલતું હતું. સંતાનો પોતાની રીતે અલગ થઇ કમાવા લાગ્યાં હતા. ઝૈનુદ્દીનના ઘરમાં એક પતરાંની પેટી હતી એમાં જે લોકોએ લખાણ કરી આપેલાં તે હતા.

ઝૈનુદ્દીન એ બધા ખતપત્રો ફાડતા હતા. ત્યારે એક હિતેચ્છુ મિત્ર આવ્યોને કહ્યું અરે! આ તમે શું કરો છો? હવે આ જ તો તમારો આધાર છે!

ઝેનુદ્દીન કહે - મેં કોઇને પાછા લેવાની શરતે નાણાં આપ્યાં જ નો’તાં. મારા વારસોને પણ એવી વૃત્તિ ન જન્મે એટલે આ ખતોનો નાશ કરું છું..

હૃદયથી જ જે ઉદાર હોય એને ગરીબીની કોઇ અસર થતી નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઓ.એમ.આર. સ્નેકર કયા પ્રકારની માહિતી વાંચી શકે છે?

## કોમ્પ્યુટર જગત

(૧) કમ્પ્યૂટરની વિકાસગાથામાં ગણતરી કરવાનો પાયો કોણે નાખ્યો?
(અ) એબેક્સ (બ) એનિયાક
(ક) ઇન્ટરનેટ (ડ) એન્ટીવાયરસ

(૨) એકબીજા સાથે જોડાયેલ અસંક્ય કમ્પ્યૂટર્સના નેટવર્કને શું કહે છે?
(અ) ઇ-મેઇલ (બ) ઇ-કમ્પ્યૂટર
(ક) ઇન્ટરનેટ (ડ) ઇન્ટરમેલ

(૩) સંજ્ઞા સ્વરુપે રહેલી ઊભી લાઇનો વાંચવા માટે કોનો ઉપયોગ થાય છે?
(અ) સીડી (બ) ડીવીડી
(ક) બારકોટ રીડર (ડ) ફલોપી ડિસ્ક

(૪) ઓ.એમ.આર. સ્નેકર કયા પ્રકારની માહિતી વાંચી શકે છે?
(અ) લાઇન (બ) ટપકાં
(ક) ત્રિકોન (ડ) આપેલ તમામ

(૫) કમ્પ્યૂટરનો સૌથી મોટો દુશ્મન કયો છે?
(અ) ભેજ (બ) ધૂળ/રજકણ
(ક) ગરમી (ડ) વાયરસ

(૬) ચાર્લ્સ બેબેજે શેની શોધ કરી હતી?
(અ) સ્લાઇડ રુલ (બ) પાસ્કેલાઇન
(ક) ડિફરન્સ એન્જીન (ડ) પંચકોર્ડ

(૭) ‘આધુનિક કમ્પ્યૂટર યુગના પિતા કે જનક’ નું ઉપનામ કોને આપવામાં આવ્યું છે
(અ) ચાર્લ્સ બેબેજ (બ) બેઇસ પાસ્કલ
(ક) વિલિયમ ઓગટ્રેડ (ડ) જહોન નેપિયર

(૮) કમ્પ્યુટર કઇ ભાષા સમજે છે?
(અ) દ્વિઅંકી (બ) અષ્ટઅંકી
(ક) દશાંશી (ડ) સોળ અંકી

(૯) ગ્રાફીક્સ સ્ક્રીનની મધ્યમાં શું જોવા મળે છે?
(અ) ટનલ (બ) પોર્ટલ
(ક) ટર્ટલ (ડ) મેટલ

(૧૦) લોગો (Logo) ની સોધ કોણે કરી હતી?
(અ) બિલ ગેટ્સ (બ) ડૉ. સેમ્પોર પર્પેટ
(ક) બ્લેઇસ પાસ્કલ (ડ) રીચાર્ડ સ્ટોનમેન

(૧૧) ડેસ્કટોપ પર જોવા મળતા ગ્રાફીક્સ ચિત્રોને શું કહેવામાં આવે છે?
(અ) ફોલ્ડર (બ) આઇકન્સ
(ક) બટન્સ (ડ) ક્વિક લોન્ચર

(૧૨) પહેલી પેઢીના કોમ્પ્યૂટર્સમાં કઇ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો?
(અ) માઇક્રોપ્રોસેસર (બ) ઇન્ટીગ્રેટેડ સર્કીટ
(ક) વેક્યુમ ટ્યુબ (ડ) ટ્રાન્ઝીસ્ટર

(૧૩) નોટીફીકેશન એરિયામાં મુખ્યત્વે શું જોવા મળે છે?
(અ) ફાઇલ (બ) ફોલ્ડર
(ક) ઘડિયાળ (ડ) ચિત્ર

(૧૪) અવાજને રેકોર્ડ કરવા માટે કયા પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવે છે?
(અ) પાવર પોઇન્ડ (બ) વોલ્યુમ કન્ટ્રોલ
(ક) સાઉન્ડ રેકોર્ડર (ડ) વિન્ટોઝ ટૂર

(૧૫) ટ્રાન્ઝીસ્ટરની શોધ કોણે કરી હતી?
(અ) વિલિયમ શોક્લી (બ) માર્કોની
(ક) જે.પી. એકર્ટ (ડ) ચાર્લ્સ બેબેજ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૫ મે ૧૮૬૩ — ફ્રેન્ક હોમ્બી - ઇંગ્લીસ સંશોધક તથા ૧૯૦૧માં ‘મેકાનો’ કંપનીના સ્થાપક
- ૧૫ મે ૧૮૫૯ — પીરી ક્યુરી - ફ્રેન્ચ ફિઝીકલ કેમેસ્ટ્રીના વૈજ્ઞાનિક, રેડિયો એક્ટીવ સબસ્ટન્ટ પર સંશોધન બદલ ૧૯૦૩માં નોબેલ પારિતોષિક
- ૧૬ મે ૧૯૦૧ — કોનાર્ડ વૉચમેન - જર્મનીમાં જન્મેલા અમેરીકન આર્કીટેક- મકાનની બનાવટમાં વપરાતી વસ્તુઓ બનાવનાર
- ૧૬ મે ૧૮૬૧ — ઇર્વીન વિંગટમાન કોલબર્ન - અમેરીકન સંશોધક, ફલેટ ગ્લાસ બનાવવાની ટેકનિક વિકસાવનાર
- ૧૭ મે ૧૮૮૫ — એલ્વીન ચાર્લ્સ સ્ટોકમાન - અમેરીકન પ્લાન્ટ પેથોલોજીસ્ટ - તથા ખેતીવાડી નિષ્ણાત
- ૧૭ મે ૧૮૬૮ — હોર્સ ઇ ડોઝ - અમેરીકન ઓટોમોબાઇલ મેન્યુફેકચરર, અમેરીકામાં પ્રથમ સ્ટીલ કાર બનાવનાર
- ૧૮ મે ૧૯૦૧ — વિન્સન્ટ ટુ વિઝોડુ - અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૫૫માં સલ્ફર કમ્પાઉન્ડની શોધ બદલ નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૧૮ મે ૧૮૯૧ — રૂડોલ્ફ કાર્નેપ - જર્મન-અમેરીકન ફિલોશોફર, લોજીક અને ફિલોશોપી સાયન્સમાં યોગદાન આપનાર
- ૧૯ મે ૧૯૭૬ — વિલિયમ કિંગ જયોર્જી - અમેરીકન પોલિયોનોજીસ્ટ અને શરીરશાસ્ત્રી, માછલીઓ અને સસ્તન પ્રાણીઓ પર સંશોધન કરનાર



**ખજાનો**

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

- ૧૯ મે ૧૮૭૧ — રિગીનાલ્ડ એડવર્થ ડેલી - કેનેડીયન અમેરીકન જીઓલોજીસ્ટ, પૃથ્વીમાં રહેલા લાવાના સંદર્ભમાં ‘મેગ્મા સ્ટોપીંગ’ થિયરી આપનાર
- ૨૦ મે ૧૯૦૧ — હાઇડ્રો શીમા - જાપાનીશ એન્જીનીયર - દુનિયાની પ્રથમ હાઇસ્પીડ ‘બુલેટ’ ટ્રેન ડિઝાઇન કરનાર અને બનાવનાર
- ૨૦ મે ૧૯૦૦ — લિડિયા કેબેરા - ક્યુબાના વતની અને એન્થોલોજીસ્ટ - આફ્રિકા-ક્યુબાની સાંસ્કૃતિક વિરાસત પર સંસોધન કરનાર
- ૨૧ મે ૧૯૨૨ — રોબર્ટ એ. ગૂડ - અમેરીકન સર્જન, મોર્ડન, ઇમ્યુનોલોજીના સંશોધક, વિશ્વનું પ્રથમ ‘બોર્ન મેરો’ ટ્રાન્સપ્લાન્ટ કરનાર
- ૨૧ મે ૧૯૨૧ — એન્ડરી ડ્રીમીટ્રીએવીય સેન્ખાર્વો - સોવિયેટ ન્યુક્લિઅર ભૌતિકશાસ્ત્રી, કોસ્મિક રે પર સંશોધન કરનાર

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - તાજેતરમાં બાબા રામદેવ કઇ દવાના વેચાણ બાબતે વિવાદમાં આવ્યા?**

**જવાબ - ‘પુત્રજીવક બીજ’**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઇ પરમાર ‘દધિ’ - સે-૭
(૪) જયેન્દ્ર એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૫) ઉર્વીશ વી. જરદોશ : સે-૨બી, ૧૪૫૯/
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩
(૭) મહેશ એમ. જાદવ : સે-૩૦, ૪૪૦/૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અમેઠી મતવિસ્તારમાં કેન્દ્ર સરકારે કયો પ્રોજેક્ટ રદ્દ કરતાં રાહુલ ગાંધી નારાજ થયા છે?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) બ (૨) ક (૩) ક (૪) બ (૫) ડ (૬) ક (૭) અ (૮) અ (૯) ક (૧૦) બ (૧૧) બ (૧૨) ક (૧૩) ક (૧૪) ક (૧૫) અ

# સ્વીડીશ રસાયણશાસ્ત્રી સ્વાન્તે એર્હેનિયસે ૧૮૯૬માં સૌ પ્રથમવાર ગ્રીનહાઉસ અસર રજૂ કરી હતી

## ગ્લોબલ વોર્મિંગ અને ગ્રીનહાઉસ વાયુઓ

- પી.ડી.વાઢેર

સૌ પ્રથમ ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જીન કુરિયરે ૧૮૨૮માં પૃથ્વીના વાતાવરણને ગ્રીન હાઉસ સાથે સરખાવ્યું હતું. ત્યારબાદ સ્વીડીશ રસાયણશાસ્ત્રી સ્વાન્તે એર્હેનિયસે ૧૮૯૬માં સૌ પ્રથમવાર ગ્રીનહાઉસ અસર રજૂ કરી હતી. આ અસરને પ્રાયોગિક પરિણામો અને વાતાવરણીય માપનો વડે પૃષ્ટિ મળી રહે છે. વાતાવરણ વિજ્ઞાનમાં ગ્રીન હાઉસ અસર સર્વ સ્વીકૃત સિધ્ધાંત છે. ગ્રીન હાઉસ વાયુઓ તેમાંખાસ કરીને જળબાષ્પની અનુપસ્થિતિમાં પૃથ્વી ઠંડીગાર હોત કારણ કે તેનું તાપમાન માઇનસ ૧૮ સે. હોવાને લીધે પૃથ્વી ઉપર કોઇ સજીવોનું અસ્તિત્વ ન હોત.

વર્લ્ડ મીટીરિયોજિકલ ઓર્ગેનાઇઝેશન (WMO) અને યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટલ પ્રોગ્રામ (UNEP) ના સહયોગથી ઇન્ટરનેશનલ પેનલ ઓન ક્લાયમેન્ટ ચેન્જ (IPCC) ની ૧૯૮૮માં સ્થાપના કરવામાં આવેલ છે. તે કોઇ નવું સંશોધન કરતી સંસ્થા નથી. પરંતુ વૈજ્ઞાનિક, ટેકનિકલ અને અન્ય શાસ્ત્રોની જે માહિતી ઉપલબ્ધ થાય તેના ઉપરથી તારણો કાઢે છે. વાસ્તવિક, પારદર્શી અને તટસ્થ નિષ્કર્ષો તારવી તેને સમયસર જાહેર કરે છે. IPCC જુદા જુદા દેશોની સરકારોના નેજા હેઠળ કાર્ય કરતી સંસ્થા છે. તે વૈશ્વિક જળવાયુ પરિવર્તન અંગે સલાહ સૂચનો આપવાનું કાર્ય કરે છે. તેનું કાર્ય જળવાયુ પરિવર્તનના વૈજ્ઞાનિક તથ્યોનું તેમાં હકારાત્મક કે નકારાત્મક પાસાનું, તેમાં અનુકૂલનના વિકલ્પોનું તથા ગ્રીન હાઉસવાયુઓના ઉત્સર્જનને નિયંત્રિત કરવાના વિકલ્પોનું આકલન કરવાનું કાર્ય છે.

આ IPCC એ ૧૯૯૦ થી ૧૯૯૫ના સમયગાળાનો ગ્રીનહાઉસ ઉપર વિસ્તૃત અહેવાલ પ્રગટ કર્યો છે. તેમાં ભૂમંડળના ભૂતકાળમાં થયેલ તાપમાનના ફેરફારો અને ભાવિ તાપમાનના ફેરફારોની વિગતો આપેલ છે.

જળબાષ્પ ($H_2O$), કાર્બન ડાયોકસાઇડ ($CO_2$), ઓઝોન ($O_3$), મિથેન ($CH_4$), નાઇટ્રેસ ઓકસાઇડ ($N_2O$), અને ક્લોરોફ્લોરો કાર્બન્સ ($CFC_5$), મુખ્ય ગ્રીન હાઉસ વાયુઓ છે.

વાતાવરણમાં ઉષ્માને પકડી રાખનાર જળબાષ્પ ($H_2O$) માનવપ્રવૃત્તિઓથી વાતાવરણમાં જળબાષ્પ જેવા ગ્રીનહાઉસ વાયુઓ ખાસ ભરાવો થતો નથી વળી તેની સાંદ્રતા ૧ થી ૫ ટકા જેટલી છે. જેથી તેની અસર વાતાવરણમાં ઓછી થાય છે. જેથી તે વધુ સમય ઉષ્મા જકડી રાખી શકતી નથી. જયારે કાર્બન ડાયોકસાઇડ વાયુનો વાતાવરણમાં વધુ ભરાવો હોઇ તે વાતાવરણમાં વધુ ઉષ્મા ઉત્પન્ન કરી જકડી રાખે છે. છેલ્લા બે દસકામાં થયેલા વૈજ્ઞાનિક અભ્યાસ અને અવલોકનો મુજબ $CO_2$, $CFC_5$, $N_2O$ અને મિથેન જેવા ગ્રીન હાઉસ વાયુઓનું પ્રમાણ વાતાવરણમાં નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. તેનાથી પૃથ્વીની કુદરતી ગ્રીનહાઉસ અસરનું પ્રવર્ધન થતા તેમાંથી ‘ગ્લોબલ વોર્મિંગ’ ની ઘટનાએ આકાર લીધો છે. ૧૯૫૮ બાદ આવા ગ્રીન હાઉસ વાયુનું સ્તર, ઔદ્યોગિક અને જીવનધોરણ સરબીકરણના ઉપકરણોથી ઘણું ઊંચું આવ્યું છે. તેના માટે જીવાશ્મિ, ઇંધણનું દહન, કૃષિ, વનવિનાશ અને $CFC_5$ નો વધતો જતો ઉપયોગ જવાબદાર છે.

ઔદ્યોગિક વિકાસ, સુખાકારીના સાધનોના ઉત્પાદનની ગ્રીન હાઉસ વાયુઓની $CO_2$ ગ્લોબલ વોર્મિંગ માટે ૫૦-૬૦ ટકા જવાબદાર છે. તેમાં જીવાશ્મી ઇંધણ, કોલસાનું દહન, ઉદ્યોગો તથા વાહનોમાંથી છૂટતો $CO_2$ વિશેષ છે.... $CO_2$ વાતાવરણમાં આશરે ૫૦ થી ૨૦૦ વર્ષ સુધી ટકી રહે છે.

વાતાવરણનું બીજું $CFC_5$ ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે. આ $CFC_5$ સમતાપમંડળમાં ઓઝોન વાયુનો નાશ કરે છે. એર કંડિશનર તથા રેફ્રિજરેટર તેનું ઉત્પાદન ક્ષેત્ર છે. તદુપરાંત ઔદ્યોગિક દ્રાવકોનું બાષ્પીભવન, પ્લાસ્ટિક ફેનનું ઉત્પાદન એરોઝોલ, પ્રદૂષકોના ઉત્પાદનના મુખ્ય સ્ત્રોતો છે. ક્ષોભમંડળમાં $CO_2$ અણું કરતાં $CFC_5$ નો અણુ ૧૫૦૦-૧૭૦૦ ગણી વધારે ઉષ્મા જકડી રાખે છે. સમતાપમંડળમાં CFC ૬૫ થી ૧૩૫ વર્ષ સુધી ટકી રહે છે.

ભેજવાળી જગ્યાઓમાં, $O_2$ ની હાજરીમાં જયારે અવાયુજીવી જીવાણુઓ મૃત સજીવ દ્રવ્યને તોડે ત્યારે મિથેન વાયુ ઉત્પન્ન કરે છે. આવી જગ્યાઓ ભીનાપ્રદેશો, કચરાથી પૂરેલા ખાડાઓ, ડાંગરનો વિસ્તાર અને સજીવ - ઇંધણના અધૂરા દહનનો સમાવેશ થાય છે. પશુઓ વાગોળે ત્યારે, ઘેટાં તથા ઊંધઇની હાજરીમાં મિથેન પેદા થાય છે. મિથેન ક્ષોભ મંડળમાં દસથી પંદર વર્ષ ટકી રહે છે. નાઇટ્રસ ઓકસાઇડ ક્ષોભમંડળની ગરમીને પકડી રાખે છે, અને સમતાપ મંડળમાં ઓઝોનના સ્તરને પાતળો બને છે. નાયલોનના ઉત્પાદન, જૈન જથ્થાના દહન અને નાઇટ્રોજન યુક્ત ઇંધણના દહન દરમિયાન $N_2O$ પેદા થાય છે. પશુઓના છાણમાંથી તથા જમીનમાં નાઇટ્રોજનયુક્ત ખાતરોના વિયોજનથી $N_2O$ પેદા થાય છે. ક્ષોભમંડળમાં તે ૧૨૦ વર્ષ સુધી ટકી રહે છે. $CO_2$ ના અણુ કરતાં $N_2O$ નો અણુ ૨૩૦ ગણી વધારે ઉષ્મા જકડી રાખે છે.

ઔદ્યોગિક ક્રાંતિના આરંભે વાતાવરણમાં $CO_2$ ની સાંદ્રતા ૨૮૦ PPM ( 1 PPM = 10 લાખ ભાગમાં એક ભાગ) હતી. તે ૧૮૬૦ થી ૧૯૯૭ દરમિયાન 364 PPM થઇ. ઔદ્યોગિક ક્રાંતિથી ૨૦૫૦ સુધીમાં વાતાવરણમાં $CO_2$ ની સાંદ્રતા સંભવતઃ બમણી થશે. ત્યારબાદ તેને અટકાવવાના પગલા ભરવામાં નહીં ઓ તો તેમાં સતત વધારો થતો રહેશે. છેલ્લા ૧૦,૦૦૦ વર્ષથી આપણે અંતરાહિમનદીય હૂંફ માણી રહ્યા છી. આ આબોહવા વિષયક સ્થિરતાએ, સમગ્ર જગતમાં, જમીન અને વનસ્પતિની પ્રકૃતિ સામે સંભવિત ધરખમ પરિવર્તનોને અટકાવી દીધા છે. તેને કારણે ખાદ્યાન્ત પદાર્થોના ઉત્પાદનમાં સારો એવો વધારો થયો અને સાથે સાથે વસ્તી વધારો પણ થયો.

સને ૧૮૬૦ થી ભૂમંડલીય તાપમાનના માપનો શરુ થયાં અને તે ૧૯૯૫માં ૦.૩ થી ૦.૬ સે. જેટલો વધારો નોંધાયો. ૧૮૬૦ પછી ૧૯૭૯ થી ૧૯૯૮ વચ્ચે ૧૨ વર્ષ વધારે ગરમીવાળા હતા. તેમાં ૧૯૯૦, ૧૯૯૫, ૧૯૯૭, ૧૯૯૮ મહત્તમ ગરમીવાળા હતા. IPCC ના ૧૯૯૫માં અહેવાલ મુજબ છેલ્લી સદીમાં અવલોકાયેલા તાપમાનનો વધારો કુદરતી કારણોને લીધે હોવાનો વધારે સંભવ છે. એવા પણ પુરાવા પ્રાપ્ત થયા છે કે ભૂમંડલીય આબોહવા ઉપર માનવ પ્રવૃત્તિઓની અસરો સ્પષ્ટ પણે જોવા મળી છે. ગ્લોબલ વોર્મિંગની પ્રક્રિયાને કારણે પૃથ્વીના વધતા જતા તાપમાનને આપણે અત્યારે સ્પષ્ટપણે અનુભવી રહ્યાં છીએ.

# માનસશાસ્ત્રીઓની સારવારથી હું સારી થઇ ગઇ પણ તને ભૂલી ન શકી, કાકાનું ઘર છોડી આ એપાર્ટમેન્ટમાં રહેવા લાગી, તારી ભાળ મેળવવા તને અનેક પત્રો લખ્યા પણ કોઇ જ પત્તો ન લાગ્યો, હું તને મનથી વરી ચૂકી હતી એટલે તારી યાદમાં જીવન જીવવાનો નિરધાર કર્યો

## એક અનજાન મૂલાકાત

- જય ગજ્જર

સરલાએ ડોર બેલ વગાડતાં દરવાજો ખોલ્યો.

સામે ઊભેલી વ્યક્તિ સામે એ જોઇ રહી પણ ઓળખાણ ન પડી.

બહુ પરિચિત હોય એમ એ વ્યક્તિ બોલી, “મહેમાનને ઘરે આવવા નહિ કહો?”

“ઓળખાણ તાજી કરાવો તો ખબર પડે ને!” સરલાએ સામો સવાલ કર્યો.

“ઘરમાં આવકાર આપો તો તો તમન સમજાવું ને!” કહેતાં એ ઘરમાં પ્રવેશી ચૂક્યો હતો.

સામે પડેલા સોફા પર બેસતા એ બોલ્યો, “એ વાતને વીસ વર્ષના વહાણાં વહી ગયા અને આમ હું કેટલો બધો બદલાઇ ગયો છું! વજન બહુ જ ઘટી ગયું છે. ગાલે ખાડા પડ્યા છે. માથાના કાળા ભમ્મર વાળ ધોળા થઇ ગયા છે. અવાજ પણ બદલાઇ ગયો છે. યાદશક્તિ પણ પહેલાં જેવી શાર્પ નથી રહી. છેલ્લા કેટલાય વર્ષો ‘એમ્નેશિયા’નો ભોગ બનેલો હતો. હવે ધીરે ધીરે યાદશક્તિ પાછી આવી રહી છે. જૂના પત્રો ખંખોળતા આજે એકાએક તમારો એક પત્ર મળી ગયો. કેટલાંક સંસ્મરણો તાજાં થયા. છેલ્લા પત્રમાં તમારું સરનામું હતું એ આધારે અહીં આવી પહોચ્યો. મારું નામ રાજન કનોડિયા છે.”

“રાજન, તું અહીં? આ દેશમાં કેવી રીતે પહોચ્યો? મારા ડેડીને તારી સાથે મારાં લગ્ન પસંદ નહોતા, એટલે તારાથી છૂટવા મારા કાકા પાસે અહીં ટોરોન્ટો મોકલી દીધી હતી. તારી યાદમાં વર્ષો સુધી ઝૂરતી રહી. છેવટે પાગલ બની ગઇ. દશ વર્ષ મેં મેન્ટલ હોસ્પિટલમાં ગાળ્યા. માનસશાસ્ત્રીઓની સારવારથી હું સારી થઇ ગઇ. પણ તને ભૂલી ન શકી. કાકાનું ઘર છોડી આ એપાર્ટમેન્ટમાં રહેવા લાગી. તારી ભાળ મેળવવા તને અનેક પત્રો લખ્યા પણ કોઇ જ પત્તો ન લાગ્યો. હું તને મનથી વરી ચૂકી હતી. એટલે તારી યાદમાં જીવન જીવવાનો નિરધાર કર્યો. એક સેવાશ્રમમાં પાર્ટ ટાઇમ નોકરી મળી જતાં જીવન જીવવા જેટલું મળી રહેતો સંતોષ અનુભવતી રહી. આપણો પ્રેમસંબંધનાં મીઠાં સંસ્મરણો એ જ મારી મોડી મૂટી અને હૈયે એક જ અમર આશા હતી. મને મારા રણછોડ રંગીલામાં અપૂર્વ શ્રદ્ધા હતી કે જો મારો પ્રેમ સાચો હશે તો મરતાં પહેલાં એ આપણો ભેટો કરી આપશે. આપણે પરસ્પર કેટલો બધો પ્રેમ કરતાં હતાં! આપણો પ્રેમ સાચો હતો! ફટકિયા મોતી જેવો નહોતો. તું ઇચ્છે તો હવે આપણે મધુરું સહજીવન જીવશું. સંસારમાં દિવ્ય સુખ માણશું અને મારે ખોળે આપણા પ્રેમનાં પ્રતિક સમા બાળકો ખેલતાં હશે.” કહેતાં તો એ ઊભી થઇને રાજનને ભેટી પડી.

રાજન એના પ્રેમભર્યા મિલનથી ધન્ય થઇ ગયો. એકાએક કંઇક વિચાર ઝબૂકતાં એણે સરલાને અળગી કરી અને બોલ્યો, “ડોકટરના નિદાન પ્રમાણે હું તારી એ એક મહેચ્છા પાર પાડી શકું એમ નથી. કોઇ સારા નવજુવાનને શોધી તારો સંસાર માંડજે, તારા પ્રેમ, તારી આ તપશ્ચર્યા, તારા આજના શુભગ મિલનથી હું ધન્ય થઇ ગયો છું. તને મારા પ્રેમસંબંધમાંથી આજ મુક્ત કરું છું. ભગવાન સારું પાત્ર આપી તને સુખી સંસાર બક્ષી તારી મનોકામના પુરી પાડે.”

અને રાજન સોફા પરથી બેઠો થઇ દરવાજા ભણી ચાલવા લાગ્યો.

એ જોઇ સરલાએ દોડી જઇને એને રોકી લેતાં એનો હાથ પકડી કહ્યું, “ભલા આદમી, એ તો મારા અંતરની એક ઝંખના હતી. તું એ પૂરી ન કરી શકે તો કંઇ નહીં, એક તુ મિલા તો સારી દુનિયા મિલી. જીવનભર તારો પ્રેમાળ સાથ મળી રહે એથી વિશેષ શું જોઇએ? બોલ. એ પ્રેમ આપી શકીશ ને?”

“હા... હા... ચાલ, મારી પ્રેમાળ સરલા. એ તો તારો હક્ક છે અને તને જીવનભર મળી રહેશે!” અને એને બે બાહુમાં સમાવી લીધી.

- jaygajjar26@gmail.com